# બનાસકાંઠા જિલ્લા પંચાયત પર કોંગ્રેસ ને સ્પષ્ટ બહુમતી

## તાલુકા પંચાયતની ૩૫૦ બેઠકમાંથી ૧૭૪ ભાજપ, ૧૬૭ કોંગ્રેસ અને ૯ બેઠક અપક્ષના ફાળે

બનાસકાંઠા જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની આજે મતગણતરી પૂર્ણ થઈ. વિધાનસભાની જેમ જ બનાસકાંઠા જીલ્લો ફરી એકવાર કોંગ્રેસ નો ગઢ સાબિત થયો છે. બનાસકાંઠા જીલ્લામાં આજે ૧૪ તાલુકા પંચાયત પૈકી ૬ તાલુકા પંચાયત ભાજપના ફાળે જયારે ૬ તાલુકા પંચાયત કોંગ્રેસના ફાળે ગઈ છે. જીલ્લામાં જીલ્લા પંચાયત પર ભાજપની સત્તા છીનવાઈ કોંગ્રેસને સત્તા સાંપડી છે.

બનાસકાંઠા જીલ્લામાં આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સત્તાની રસાકસી પૂર્ણ થઈ છે. આજે સવારે હાથ ધરવામાં આવેલી મતગણતરી બાદ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પર સત્તાના સુકાનની સ્પષ્ટતા થઈ છે. બનાસકાંઠા જીલ્લાની જીલ્લા પંચાયત કોંગ્રેસના ફાળે ગઈ છે. જયારે ૧૪ તાલુકા પંચાયતો ભાજપને સરખે ભાગે ભાજપ કોંગ્રેસના ફાળે ગઈ છે. જીલ્લા સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ બાદ કોંગ્રેસના ગઢ ગણાતા બનાસકાંઠા જીલ્લામાં કોંગ્રેસની બહુમતી આવી છે.

**જિલ્લા પંચાયત પરિણામ :-**
કુલ બેઠક :- ૬૬
કોંગ્રેસ :- ૩૬
ભાજપ :- ૩૦
-અગાઉ જીલ્લા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું

**૧.અમીરગઢ તાલુકા પંચાયત :-**
કુલ બેઠક :- ૨૦
કોંગ્રેસ :- ૧૩
ભાજપ :- ૦૭
-અગાઉ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા સ્થાને હતું.

**૨.દાંતા :-**
કુલ બેઠક :- ૨૬
કોંગ્રેસ :- ૧૭
ભાજપ :- ૦૯
-અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૩.પાલનપુર :-**
કુલ બેઠક :- ૩૪
કોંગ્રેસ :- ૨૩
ભાજપ :- ૧૧
-અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૪.ડીસા :-**
કુલ બેઠક :- ૩૭
કોંગ્રેસ :- ૧૧
ભાજપ :- ૨૬
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૫.લાખણી :-**
કુલ બેઠક :- ૨૨
કોંગ્રેસ :- ૧૧
ભાજપ :- ૧૧
-અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.
-આ તાલુકા પંચાયત માં ભાજપ કોંગ્રેસ વચ્ચે ટાઈ

**૬.ધાનેરા :-**
કુલ બેઠક :- ૨૬
કોંગ્રેસ :- ૦૯
ભાજપ :- ૧૬
અપક્ષ :- ૦૧
-અગાઉ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા સ્થાને હતું.

**૭.થરાદ :-**
કુલ બેઠક :- ૩૦
કોંગ્રેસ :- ૦૮
ભાજપ :- ૨૦
અપક્ષ :- ૦૨
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૮.દિયોદર :-**
કુલ બેઠક :- ૨૨
કોંગ્રેસ :- ૧૧
ભાજપ :- ૧૧
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.
- દિયોદર બેઠક પર ભાજપ કોંગ્રેસ વચ્ચે ટાઈ છે.

**૯.કાંકરેજ :-**
કુલ બેઠક :- ૩૦
કોંગ્રેસ :- ૨૧
ભાજપ :- ૦૮
અપક્ષ :- ૦૧
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૧૦.ભાભર :-**
કુલ બેઠક :- ૧૮
કોંગ્રેસ :- ૧૩
ભાજપ :- ૦૫
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૧૧.સુઈગામ :-**
કુલ બેઠક :- ૧૬
કોંગ્રેસ :- ૦૭
ભાજપ :- ૦૯
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૧૨.વાવ :-**
કુલ બેઠક :- ૨૨
કોંગ્રેસ :- ૦૬
ભાજપ :- ૧૬
- અગાઉ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા સ્થાને હતું.

**૧૩. દાંતીવાડા :-**
કુલ બેઠક :- ૧૮
કોંગ્રેસ :- ૦૯
ભાજપ :- ૦૭
અપક્ષ :- ૦૨
- અગાઉ તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને હતું.

**૧૪. વડગામ :-**
કુલ બેઠક :- ૨૮
કોંગ્રેસ :- ૧૬
ભાજપ :- ૧૧
અપક્ષ :- ૦૧
-અગાઉ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા સ્થાને હતું.

બનાસકાંઠા જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ ભાજપ ને મહાત કર્યું છે. ચૂંટણી પહેલા ૧૪ પૈકી ૧૦ તાલુકા પંચાયત ભાજપના કબ્જામાં હતી અને જીલ્લા પંચાયત પણ ભાજપના કબ્જામાં હતી. પરંતુ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને મોટું નુકશાન થયું છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ભાજપની સત્તામાં પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી હતી. જેના કારણે પ્રજાએ કોંગ્રેસ તરફે મતદાન કર્યું છે.



### થરાદમાં ચૂંટણીના પરિણામથી ક્યાંક ખુશી તો ક્યાંક ગમ

થરાદમાં ગત બુધવારના રોજ યોજાયેલ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચૂંટણીનું શુક્રવારે પરીણામ જાહેર થવાનું હોય થરાદની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જ્યારે થરાદ તાલુકા પંચાયતની કુલ ૩૦ બેઠકોના આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦ બેઠકો પર ભાજપ. ૮ બેઠકો પર કોંગ્રેસ અને ૨ બેઠકો પર અપક્ષે કબજો જમાવ્યો હતો અને જિલ્લા પંચાયતની ૬ બેઠકોમાંથી ૪ બેઠકો પર ભાજપે કબ્જો જમાવ્યો હતો. ત્યારે ૨ (બે) બેઠકો પર કોંગ્રેસ કબ્જો જમાવ્યો હતો. આમ પરિણામો જાહેર થતાં કહી ખુશી કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો.

## મેઘરજની કુણોલ બેઠક પર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો વિજય

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકા પંચાયત કુણોલ-૧૦ ના અગાઉના કોગ્રેસના ચાલુ સદસ્ય નુઆકસ્મિક અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી અને આ બેઠક ફરથી ભરવા માટેની પેટા ચુંટણી યોજાઈ હતી જેની મતગણતરી શુક્રવારના રોજ મેઘરજ મામલતદાર કચેરી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે યોજાઈ હતી જેમાં ભાજપના ઉમેદવાર નરેશભાઈ સળુભાઈ ડામોર ને ૧૨૦૯ મત મળ્યા હતા જયારે કોગ્રેસના ઉમેદવાર જીવાભાઈ લક્ષ્મણભાઈ મેણાતને ૧૧૦૧ મત મળ્યા હતા જેમાં કોગ્રેસ કરતા ૧૦૮ મત ભાજપને વધુ મળતા ભાજપના કુણોલ-૧૦ તા.પં.બેઠકના ઉમેદવાર નરેશભાઈ સળુભાઈ ડામોરનો ૧૦૮ મતે વિજય થતા અને આ બેઠક અગાઉની કૌગ્રેસની બેઠક ભાજપે હાસલ કરતા તાલુકાના ભાજપના કાર્યકરોમાં આનંદ છવાયો હતો.



ખેડબ્રહ્મા તાલુકાની ઝાંઝવાપનાઈ સીટ ઉપર વર્ષોથી કોંગ્રેસ જીતતી પણ આ વખતે ચૂંટણીમાં કોંગ્રેસ પાસેથી ભાજપે છીનવી હતી. જેમાં પેટા ચૂંટણીની મત ગણતરી શુક્રવારના રોજ મામલતદાર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવારે કોંગ્રેસના ઉમેદવારને ૪૦૯ મતે હાર આપી હતી. જેમને મામલતદાર જી.ડી.ગામરે ભાજપના મુગલીબેન ગુજરાભાઈ પારઘીને વિજેતા જાહેર કર્યા હતા. વિજેતા ઉમેદવારને ભાજપ તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલ, મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.



### ડીસા તાલુકા પંચાયત પર ભાજપનો કબ્જો યથાવત

સ્થાનિક સ્વરાજની ચૂંટણીએ બનાસકાંઠાના ડીસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા એક વર્ષથી રાજકીય ગરમાવો સર્જાયો હતો.ત્યારે આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ડીસા તાલુકા પંચાયતમાં ભાજપનો કબ્જો યથાવત રહયો છે. ગતરોજ મત ગણતરી હાથ ધરાયા બાદ આવેલા પરિણામોમાં ડીસા તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીએ ભગવો લહેરાવી કોંગ્રેસને એકવાર ફરી પરાજય આપ્યો હતો. ડીસા તાલુકા પંચાયતની ૩૮ બેઠકો પૈકી ૨ બેઠકો બિન હરીફ થયા બાદ ૩૬ બેઠકો માટે મતદાન યોજાયું હતું..દરમ્યાન આજે પરિણામ જાહેર થતા ડીસા તાલુકા પંચાયતમાં ભાજપે ૨૬ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે જયારે કોંગ્રેસ માત્ર ૧૧ બેઠક જ મળી હતી.જયારે એક બેઠક અપક્ષના ફાળે ગઈ હતી. ડીસા તાલુકાની જીલ્લા પંચાયતની ૯ બેઠકોમાંથી ભાજપે ૫ બેઠક કબજે કરી છે જયારે કોંગ્રેસના ફાળે માત્ર ૪ બેઠક આવી છે.. જીલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે પણ જીલ્લા પંચાયતની મુડેઠા બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. આજે દિનેશભાઈ દવેએ જીલ્લાના મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ખેડૂતોની આર્થિક વ્યવસ્થા મજબુત બને તે માટે બેન્ક પ્રયત્નો કરે છે : મહેશભાઈ પટેલ

હિંમતનગર, તા. ૨૩ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ખેડૂતોની આર્થિક જીવાદોરી સાબરકાંઠા બેન્ક દ્વારા આ પ્રયાસ છે. પ્રધાનમંત્રીના જનધન યોજના ખાતા તેમજ અટલ પેન્શન યોજનાની પણ માહિતી આપી હતી. આ પ્રસંગે મુખ્ય



ઈડર તાલુકામાં શેરપુર, વસાઈ અને વિજયનગર તાલુકાના પરોસડા ખાતે નવીન શાખાનો બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે પ્રારંભ કરાવેલ. આ પ્રસંગે ચેરમેન મહેશભાઈ પટેલે જણાવેલ કે, બેન્ક ખેડૂતોના હીતનું ધ્યાન રાખીને કાર્ય કરે છે. તમને બેન્કના વ્યવહારો સરળતાથી ઉપલબ્ધ થાય તેના માટે મહેમાન સાબરડેરીના પૂર્વ ચેરમેન જેઠાભાઈ પટેલ, બેન્કના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, માનદમંત્રી જયંતિભાઈ જે. પટેલ, ચીફ એકઝીક્યુટીવ એચ.પી. નાયક, અન્ય બેન્કના ડીરેક્ટર, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, વિવિધ સમાજના આગેવાનો, ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહેલ.

### હિંમતનગર શ્રીમાળી બ્રાહ્મણ સમાજ મહિલા સંગઠનની બેઠક

સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગરના હરસિધ્ધ માતાજીના મંદિરમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજની મહિલાઓની સંગઠન સંદર્ભની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં સમાજની મહિલાઓ દ્વારા સ્વાવલંબન, શિક્ષણ, ધર્મ, સામાજીક ઉત્થાન, બ્રહ્મ સમાજની દિકરીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા સહિતની બાબતો અંગેની ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર સંચાલન શ્રીમાળી બ્રાહ્મણ સમાજની મહિલાઓએ સ્વયંભૂ અને શિસ્ત બદ્ધ રીતે કર્યું હતું.

### શામળાજી પોલીસે ટ્રકમાંથી ૪.૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી પોલીસે ગુરુવારે બપોરે ૧ વાગ્યાના સુમારે વેણપુર ગામની સીમ માંથી રાજસ્થાન તરફથી ટ્રક (ગાડી.નં-એચઆર. ૬૧એ.૨૯૮૨)માં જૂની રસ્સીઓની આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂની પેટી-૧૧૫ કુલ બોટલ-ટીન નંગ-૩૯૬૦ જેની કુલ કીં. રૂ. ૪૫૬૦૦૦, મોબાઈલ-૧ કીં. રૂ. ૧૦૦૦ તથા ટ્રકની કીં. રૂ. ૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૪૫૭૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકચાલક ચંદ્રપાલ મહેન્દ્રસિંગ જાટ (રહે, પાજુ ભિવાની, હરિયાણા) અને જયકિશન ભગવાનરામ જાટ (રહે, બીઠણ, ભિવાની, હરિયાણા)ને દબોચી લઈ વિદેશી દારૂ ભરી આપવામાં મદદગારી કરનાર સંદીપ જાટ (રહે, અહેસાસ, ચરખીદાદરી, હરિયાણા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા.



### મોડાસાની તત્વ ઈજનેરી કોલેજ ખાતે 'સ્પાર્કસ-૧૮' ફેસ્ટીવલનો શુભારંભ

આજના ઝડપથી વિકસતા યુગમાં વિકાસની સાથે કદમ મિલાવવાના પ્રારબ્ધ સાથે મોડાસાની નામાંકિત તત્વ ઈજનેરી કોલેજમાં વિદ્યાર્થીઓના ભણતરને અનુરૂપ તેમજ સંશોધાત્મક નવિન વિચારો સાથેની કૃતિઓ રજૂ કરતા ટેકનીકલ ફેસ્ટીવલ સ્પાર્કસ-૨૦૧૮નું ગુજરાતની સૌથી મોટી અને નામાંકિત યુનિવર્સિટી જી.ટી.યુ.ના રજીસ્ટ્રારશ્રી પ્રો. (ડૉ.) શૈલેષ પંચાલના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાની વિવિધ ઈજનેરી વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓએ તેઓએ જાતે બનાવેલા પ્રોજેક્ટ, મોડેલ, ઈનોવેટીવ સ્ટાર્ટઅપનું નિદર્શન કરેલ હતું. વિવિધ મોડેલોમાં વિદ્યુત પ્રવાહ વગર ચાલતુ ફ્રીજ, વોશીગં મશીન, એરકંડીશનલ હેલ્મેટ, ગ્રીન બિલ્ડીંગ, સ્માર્ટ વિલેજ, સ્માર્ટ રેસીડન્સ, વોટર લીફટીંગ સિસ્ટમ કોમ અંડરપાસ, ટાઉન પ્લાનિંગ, રોકેટ લોચીંગ, સોલર ટ્રાઈનીકલ જેવી ટેકનીકલ તેમજ સ્નેક્સ એન્ડ લેડર્સ, ગુગલ હન્ટ, વેબ ડીઝાઈનીંગ જેવી ઘણી નોન ટેકનીકલ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવેલ છે.

## સાબરકાંઠાના ૪૮ કેન્દ્રો પર ધો. ૧૦-૧૨ના ૪૪૯૨૦ વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાશે

હિંમતનગર, તા. ૨૩ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા આગામી તા. ૧૨ માર્ચથી શરૂ થનાર બોર્ડની આ પરીક્ષા માટે સાબરકાંઠા જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓ કરી દેવાઈ છે. જે અંતર્ગત જિલ્લાના ૪૮ કેન્દ્રો પરથી ધો. ૧૦-૧૨ના મળી ૪૪૯૨૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયના જણાવાયા મુજબ તા. ૧૨ માર્ચથી શરૂ થનારી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા અંતર્ગત એસ.એસ.સી. (ધો. ૧૦)ના પરીક્ષાર્થીઓ માટે જિલ્લાના ૩૩ કેન્દ્રોના ૮૮ બિલ્ડીંગોમાં ૧૧૫૧ બ્લોક ફાળવવામાં આવ્યા છે. જે પૈકી બે સંવેદનશીલ અને બે અતિસંવેદનશીલ કેન્દ્રો છે. પરીક્ષા માટે હિંમતનગર તથા ઈડર ખાતે ઝોનલ કચેરી કાર્યરત રહેશે.

તેજ પ્રમાણે ધો. ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૧૧ પરીક્ષા કેન્દ્રો, ૨૧ પેટા કેન્દ્રોના ૫૪ બિલ્ડીંગોમાં ૭૦૦ બ્લોક રહેશે અને તેની ઝોનલ કચેરી હિંમતનગર રહેશે, જ્યારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ચાર કેન્દ્રો થશે જેમાં ૧૭ બિલ્ડીંગોમાં ૨૧૧ બ્લોક હશે અને તેની ઝોનલ કચેરી હિંમતનગર રહેશે.

ઉલ્લેખનીય છે કે માર્ચ ૨૦૧૮માં લેવાનારી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષામાં સાબરકાંઠાના ૪૮ કેન્દ્રો પરથી અંદાજે ૪૪૯૨૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે ત્યારે તેમાં ધો. ૧૦ના ૨૯૮૭૬, ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧૧૫૯૨ જ્યારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના સાબરકાંઠાના ચાર કેન્દ્રો પરથી ૩૪૫૨ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.


### જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત કાલીયાકુવા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૨૨૫૦/૪૫૦ મીટર લેબરકામ | ૪૪૩૧૭૧.૧૪ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૧૪૫/૭૫૦ મીટર લેબરકામ (ઘાંટી ફળી) | ૪૭૫૮૬૭.૭૧ |
| ૩. | ઘર જોડાણ ૨૫૩ નંગ | ૨૫૩૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી કાલીયાકુવા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**કાલીયાકુવા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

### જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત બાંઠીવાડા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૧૭૪૫/૭૬૦ મીટર લેબરકામ (રાણા ફળી) | ૪૪૬૭૪૭.૦૭ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૫૯૦/૮૭૫ મીટર લેબરકામ (નવઘરા ફળી) | ૪૪૪૦૯૩.૭૭ |
| ૩. | ઘર જોડાણ ૨૩૦ નંગ | ૨૩૦૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી બાંઠીવાડા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**બાંઠીવાડા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**


## મહિલા પદાધિકારીઓની તાલીમ અને ક્ષમતાવર્ધનની કાર્યશાળા

હિંમતનગર, તા. ૨૩ મહિલા અને બાળવિકાસ મંત્રાલય ભારત સરકારના નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક કો.ઓપરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટના સહયોગથી સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ ગુજરાત દ્વારા સર્કીટહાઉસ હિંમતનગર અને દરામલી ગ્રામ પંચાયત ખાતે જિલ્લાના મહિલા પદાધિકારીઓની ત્રિદિવસીય તાલીમ અને ક્ષમતા વર્ધનની કાર્યશાળા યોજાઈ.

આ કાર્યશાળામાં મહિલા અને બાળ વિકાસના મુદ્દાઓ અંતર્ગત પંચાયતીરાજ સશક્તિકરણ હેતુ સ્થાનિક વહીવટ સાથે જોડાયેલ પંચાયતી રાજ સંસ્થાના ગ્રામકક્ષાએ ચૂંટાયેલ મહિલા પદાધિકારીઓને મહિલા સશક્તિકરણ અને પંચાયતી રાજ, આદર્શ ગ્રામ પંચાયત અને તે માટેની જરૂરી ભૂમિકા તેમજ જવાબદારી, જેન્ડર અને સંવેદનશીલતા, મહિલા અને બાળ વિકાસની વિવિધ યોજનાઓ અને કન્વર્ઝનસ, મહિલા અને બાળ સુરક્ષાને લગતા કાયદાઓ, સહભાગી વિકાસનું આયોજન, ગ્રામ વિકાસ આયોજનમાં અગ્રતાના મુદ્દાઓનો સમાવેશ કરવા અંગે એસ.આઈ. આર.ડી.નાં માસ્ટર ટ્રેનર દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.


### જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત હિરોલા કુવા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૭૫/૪૧૫ મીટર લેબરકામ (ખાતરા સવા ફળી) | ૪૬૮૭૯૦.૮૭ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૯૨૫/૫૫૦ મીટર લેબરકામ (રાયણ ફળી) | ૪૭૫૮૬૭.૭૧ |
| ૩ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૦૦/૪૫૦ મીટર લેબરકામ (રાવળવાસ) | ૪૭૫૮૬૭.૭૧ |
| ૪. | ઘર જોડાણ ૧૨૩ નંગ | ૨૫૩૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી હિરોલા કુવા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**હિરોલા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**